# IN THE COURT OF 4TH ADDITIONAL DISTRICT JUDGE & MOTOR ACCIDENT CLAIM TRIBUNAL (AUX) AT SURAT

***MACMA NO.133-2026***

**અરજદાર :** **સૌરભ નરેન્દ્રકુમાર શાહ**
ઉ.આ.વ.૪૪, ધંધો : વેપાર,
રહે : સી–૧/૫૦૨, ગોકુલ રેસીડેન્સી,
ભટાર રોડ, અલથાણ, સુરત.

**- વિરુદ્ધ -**

**સામાવાળા :–ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યોન્સ કંપની લી.,**
ઠે. બી–૩૦૧, આઈ.ટી.સી. બિલ્ડીંગ,
મજુરાગેટ, રીંગરોડ, સુરત.

**હાજર રહ્યા :–**
અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એ.સવાણી.
સામાવાળા તરફે વિ.વ.શ્રી એસ.કે.દેસાઈ.

–:: ચુકાદો ::–

(૧) હાલના અરજદારે હાલની અરજી રજુ કરી મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, તેઓને તા.૧૬/૫/૧૯ ના રોજ અકસ્માત થતા તેઓએ એમ.એ.સી.પી.નં.૪૭૭/૨૦૧૯ થી વાહન અકસ્માત વળતરની અરજી કરેલ અને તેમાં નામદાર ટ્રીબ્યુનલ ધ્વારા તા.૧૦/૧૧/૨૫ ના રોજ હુકમ કરતા હુકમનામા પ્રમાણે સામાવાળાએ રૂા.૧૬,૦૪,૫૭૧/– જમા કરાવેલ અને નામદાર કોર્ટના હુકમ મુજબની રકમ નામદાર ટ્રીબ્યુનલમાં વ્યાજ સાથે રૂા.૨૫,૨૮,૬૫૧/– જમા થયેલ છે અને તે રકમમાંથી રૂા.૭૫૦૦/– કોર્ટ ફી સ્ટેમ્પ બાદ કરી રૂા.૨૫,૨૧,૧૫૧/– માંથી રોકડા રૂા.૭,૫૬,૩૪૫/– રોકડા તેઓને ચુકવી આપેલ અને બાકીના રૂા.૧૭,૬૪,૮૦૬/– ફીકસ ડીપોઝીટ પેટે ઈન્ડીયન બેંક, અડાજણ, સુરત શાખામાં ખાતા નં.૮૨૫૦૦૯૩૯૮૬, તા.૧૭/૦૨/૨૬ થી તા.૧૭/૨/૩૧ સુધી મુકવામાં આવેલ છે.

તેઓએ વધુમાં એવુ જણાવેલ છે કે, તેઓને સારવાર પાળ રૂા.૧૮,૩૦,૮૪૬/-નો ખર્ચ થયેલ છે અને તેના બીલ નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ રજુ કરેલ. તેઓ એકમાત્ર ઘરમાં કમાનાર વ્યકિત છે અને તેઓની જે બચત હતી તે તમામ સારવાર પાછળ ખર્ચાઇ ગયેલ છે અને હાલમાં તેમની પુત્રી નીધી સૌરવ શાહના લગ્ન તા.૨૦/૦૨/૨૦૨૬ નારોજ નકકી થયેલ હોય અને તેની જવાબદારી  તેઓના શીરે હોય જેથી ફીકસ ડીપોઝીટમાં મુકેલ રૂા.૧૭,૬૪,૮૦૬/- ઉપડાવા પરવાનગી આપવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તરફે તેમની અરજીનાં સમર્થનમાં (૧) વળતર અરજી અન્વયે કરવામાં આવેલ એવોર્ડની નકલ, એફ.ડી.ની ઝેરોક્ષ, આંક-૫૮ ની નકલ, નામદાર ટ્રીબ્યુનલ ધ્વારા કરવામાં આવેલ પેમેન્ટ ઓર્ડર તથા લગ્નની કંકોત્રી રજુ કરેલ છે.

(૩) અરજદારની અરજી ઉપર વિ.વ.શ્રી એસ.કે.દેસાઇનાઓ ધ્વારા ''નો ઓબ્ઝેકશન'' નો શેરો કરવામાં આવેલ છે.

(૪) અરજદારની અરજી, રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લેતાં અરજદારે અકસ્માત વળતર મેળવવા એમ.એસ.સી.પી.નં.૪૭૭/૨૦૧૯ દાખલ કરેલ અને તે કામે થયેલ હુકમ મુજબ નામદાર ટ્રીબ્યુનલમાં જમા રકમ રૂા.૨૫,૨૧,૧૫૧/- માંથી રૂા.૭,૫૬,૩૪૫/- જેતે સમયે અરજદારને ચુકવી આપવામાં આવેલ છે અને બાકીની રકમ રૂા.૧૭,૬૪,૮૦૬/-ની ઇન્ડીયન બેંક, અડાજણ શાખા, સુરતમાં એફ.ડી. કરવામાં આવેલાની વિગત જણાય આવે છે અને તેઓની જે બચત હતી તે અરજદારની સારવાર પાછળ ખર્ચાઇ ગયેલ છે અને અરજદારે તેમની દિકરીના લગ્ન તા.૨૦/૨/૨૬ ના રોજ લીધેલ હોય જેથી તેઓને નાણાંની જરૂરીયાત ફીકસ ડીપોઝીટની પુરેપુરી રકમ ઉપાડવા માટે અરજ કરેલ છે અને અરજદારે તે અંગે તેમની પુત્રીની લગ્નની કંકોત્રી રજુ કરેલ છે. હાલના અરજદારે તેમની પુત્રીના લગ્ન કરેલ હોય અને તેમાં ખર્ચ થયેલ હોય તેથી તેને પહોંચી વળવા તેઓની એફડીની રકમ આપવા અરજ કરેલ છે. જે જોતાં તેઓએ ખર્ચની રકમ જણાવેલ નથી કે તેના

દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા નથી પરંતુ એવી હકીકત જણાવેલ છે કે, અરજદારની પુત્રીના લગ્ન તાજેતરમાં કરવામાં આવેલ છે અને સ્વભાવીક રીતે તેનો ખર્ચ થયેલો હોય અને તેથી તેવી અરજદારના વિ.વ.શ્રીની દલીલ નહિં માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. મોટર વ્હીકલ એકટ અન્વયેની કાયદાકીય જોગવાઈઓ એ સમાજ કલ્યાણકારી છે અને અરજદાર અને અરજદારના નાણાં જરૂરીયાતના સમયે મળે તે  ન્યાયી, યોગ્ય અને વ્યાજબી જરૂરી છે. આથી, અરજદારે તેમની પુત્રીના લગ્નમાં થયેલ ખર્ચ અંગેના જરૂરી પુરાવાઓ કે તેની કોઈ વિગતો પુરી પાડેલ નથી. જેથી આ વિગતો ધ્યાને લેતાં અરજદારને ફીકસ ડીપોઝીટમાંથી અંશત: રકમ ચુકવવી હાલના તબકકે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતુ હોય ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

(૧) અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારને ઈન્ડીયન બેંક, અડાજણ શાખા, સુરતમાં ફીકસ ડીપોઝીટ પેટે જમા રકમ રૂા.૧૭,૬૪,૮૦૬/– ના ૧૫% રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીની રકમ નિધારીંત સમયમર્યાદા સુધી ફીકસ ડીપોઝીટ પેટ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ આજ તા.૧૩ મી, માહે : માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : 13-03-2026
Place : Surat

**( J. L. Shrimali )**
4th Addl. District Court &
MACTribunal (Aux.) Surat.
**UID GJ00672**